

## પર્સનલાઈઝડ મહેંદીમાં હોય છે વ્યક્તિગત સ્પર્શ

પર્સનલાઈઝ્ડ મહેંદી ડિઝાઈનમાં મહિલાઓ યુનિક ડિઝાઈનને પ્રાધાન્ય આપે છે. તેમાં પોતાના નામનો પ્રથમ અક્ષર, ૐ, ત્રિશૂળ, ભગવાન શિવ અને પાર્વતીનાં પ્રતીકો, કળશ, ફૂલ વગેરે તો હોય જ પણ હવે તો તેમાં પોતાની પસંદગી મુજબની ડિઝાઈન બનાવવાનો પણ શોખ પ્રદર્શિત કરાય છે. આ મહેંદીમાં વ્યક્તિગત સ્પર્શનો અનુભવ થાય છે.





## ફિંગર ફોક્સ મહેંદી એથનિક, આધુનિક પરિધાન સાથે સુંદર લાગે

આ વર્ષે સરળ, આકર્ષક અને ઓછા સમયમાં તૈયાર થઈ જતી ફિંગર ફોક્સ મહેંદી ડિઝાઈન ખાસ ટ્રેન્ડિંગ છે. આંગળીઓ પર સુંદર વેલ, ફૂલ, પાન અને પરંપરાગત મોટિફ્સ બનાવાય છે. તેમાં અરેબિક પેટર્ન, મંડાલા આર્ટ અને પરંપરાગત ભારતીય ડિઝાઈનનું સંયોજન સૌથી વધારે લોકપ્રિય છે. તે એથનિક અને આધુનિક બંને પ્રકારનાં પરિધાન સાથે સુંદર લાગે છે.



## નેટ પેટર્ન મહેંદીની એલિગન્ટ ડિઝાઇન હાથની સુંદરતા વધારે છે

નેટ પેટર્ન મહેંદીમાં હાથ પર જાળી જેવી બારીક ડિઝાઈન બનાવવામાં આવે છે. આ ડિઝાઈન દેખાવમાં સ્ટાઈલિશ હોવા છતાં ભારતીય પરંપરાની સુંદર ઝલક પણ આપે છે. આ ડિઝાઈનને ફુલ હેન્ડ અથવા હાફ હેન્ડ બંને પ્રકારમાં બનાવી શકાય છે અને તે પરંપરાગત તેમ જ આધુનિક વસ્ત્રો સાથે ખૂબ જ આકર્ષક લાગે છે. તેની બારીક કારીગરી અને સુંદર પેટર્ન હાથની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે.





